ACPC/DDCET/2025/ 08

Date : 01/01/2025 03

પ્રતિ,

માનનીય રજીસ્ટ્રાર શ્રી

રાજ્ય ની તમામ યુનીવર્સીટી અને

તમામ આચાર્ય શ્રી

રાજ્યની તમામ ડીગ્રી અને ડીપ્લોમા

ઈજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા,

ગુજરાત રાજ્ય

વિષય : પ્રવેશ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડીપ્લોમા થી ડીગ્રીના પ્રવેશ ની કાર્યવાહી માટે લેવાનાર DDCET પરીક્ષા ની તમામ માહિતીની જાણ અંગે અને તમામ વિદ્યાર્થીઓના બહોળા પ્રચાર અને પ્રસાર અંગે

માનનીય સાહેબશ્રી,

રાજ્યના વિવિધ પ્રોફેશનલ અભ્યાસક્રમોના પ્રવેશ ગુજરાત વ્યવસાયિક શિક્ષણ કોલેજ અને સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ના નિર્ધારણ) એકટ ૨૦૦૮ હેઠળ ના કાયદાની જોગવાઈ હેઠળ ડીપ્લોમાં થી ડીગ્રી ઈજનેરી/ફાર્મસીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં પ્રવેશના નિયમોનું ગઠન અને મેરીટની પદ્ધતિનું જાહેરનામું રાજ્યનું શિક્ષણ વિભાગ જાહેર કરે છે. ડિપ્લોમા ધારકો માટે ડીગ્રી ઈજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં સીધી પ્રવેશ માટે તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને બિન-સહાયક સંસ્થાઓમાં વિવિધ વિદ્યાશાખાઓ માટે કેન્દ્રીયકૃત પ્રવેશ પ્રક્રિયા પ્રવેશ સમિતિ દ્વારા હાથ ધરાય છે. ઉત્તરોત્તર સમયમાં પ્રવર્તમાન સમયની માંગ ને ધ્યાને લેતા ડીપ્લોમા ઈજનેરી વિદ્યાશાખામાં વિવિધ નવી વિદ્યાશાખા શરુ થઇ રહી છે અને સમયાંતરે રાજ્યની વિવિધ યુનીવર્સીટી આ પ્રકારના અભ્યાસક્રમો શરુ કરી રહી છે. આજ બાબત ફાર્મસીના અભ્યાસક્રમોમાં પણ જોવા મળી રહે છે. રાજ્યના તમામ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ અભ્યાસક્રમો આપી શકાય અને પ્રવેશ કાર્યવાહીમાં વિદ્યાર્થીઓને સરળતા રહે તથા અગાઉ ડીપ્લોમા પાસ કરેલ વિદ્યાર્થીઓને પણ પ્રક્રિયામાં સમાવેશ કરી શકાય તે હેતુથી સરકારશ્રી દ્વારા ડીપ્લોમા ઈજનેરી અને ડીપ્લોમા ફાર્મસી નાં વિદ્યાર્થીઓ માટે પ્રવેશ વર્ષ ૨૦૨૫-૨૬ માં મેરીટની પ્રથમ યાદી માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ની જોગવાઈ કરી ડિગ્રી ઈજનેરી/ફાર્મસી (ત્રીજા સેમેસ્ટર ) પ્રવેશ ફાળવણી કરવામાં આવશે તે અંગે નો ઠરાવ આ સાથે સામેલ છે.

પ્રવેશ વર્ષ ૨૦૨૫-૨૬ માં રાજ્ય ની વિવિધ યુનિવર્સીટીના ઈજનેરી અને ફાર્મસીનાં બીજા વર્ષ ની પ્રવેશ કાર્યવાહી માટે લાયક વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી ડિપ્લોમા થી ડિગ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (DDCET) ઉપર પ્રથમ સામાન્ય મેરીટ યાદી હાથ ધરવામાં આવશે. ઉક્ત ટેસ્ટ નુ રજીસ્ટ્રેશન જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૨૫ માં પ્રવેશ સમિતિ દ્વારા હાથ ધરવામાં આવશે. DDCET પરીક્ષાના સરળ સંચાલન ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી દ્વારા કરવામાં આવશે. ઉક્ત પરીક્ષા માટેનું રજીસ્ટ્રેશન ઓન-લાઈન કરવાનું રહેશે. ઉક્ત પરીક્ષા નું માળખું નીચે મુજબનુ રહેશે.

| Program | Paper Number | Paper | No. of question | Maximum Marks | Time Duration in minutes |
|---|---|---|---|---|---|
| Engineering and Technology | BE 01 | Basics of Science and Engineering | 50 | 100 | 150 minutes (Two Hours thirty minutes) |
| | BE 02 | Aptitude Test (Mathematics and Soft Skill) | 50 | 100 | |
| | | Total | 100 | 200 | |
| | | | | | |
| Pharmacy | BPH 01 | Basic of Pharmacy | 80 | 160 | 150 minutes (Two Hours thirty minutes) |
| | BPH 02 | Aptitude Test (Soft Skill) | 20 | 40 | |
| | | Total | 100 | 200 | |

**DDCET પરીક્ષા માટે નીચેના ઉમેદવારો લાયક છે.**

- DDCET પરીક્ષા માટે હાલ ના સરકારશ્રી ના પ્રવર્તમાન નિયમો મુજબ માન્ય ઉમેદવારો :
- જે તે પ્રવેશ વર્ષ માં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં પાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ સરકારી સંસ્થા ખાતે ૦૫ ટકા બેઠકો માટે સમગ્ર દેશમાંથી માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં પાસ કરનાર વિદ્યાર્થીઓ
- અગાઉના વર્ષ માં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં પાસ કર્યું હોય અને ડિગ્રી માં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો
- AICTE ની જોગવાઈ અન્વયે ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી Bachelor of Science અને Diploma Vocational ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ
- હાલ ના પ્રવર્તમાન નિયમો અન્વયે બહારના રાજ્યમાંથી બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં પાસ કરેલ વિદ્યાર્થીઓ

ACPC LDCEABD

આ સાથે પરીક્ષાનો સિલેબસ અને વર્ષ ૨૦૨૪-૨૫ ના પ્રશ્નપત્ર સમિતિ ની વેબસાઈટ https://acpc.gujarat.gov.in/ddcet ઉપર ઉપલબ્ધ છે. તથા ટૂંક સમયમાં વિદ્યાર્થીઓ માટે અવેરનેશ કાર્યક્રમ અને પરીક્ષા નો કાર્યક્રમ સમિતિ ની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉપરોકત તમામ બાબતો વિદ્યાર્થીઓ, વાલીઓ અને સંસ્થાના આધ્યાપકો માટે બહોળી પ્રસિદ્ધિ માટે મોકલી આપવામાં આવે છે. જે આપની જાણ સારૂં.

સહકાર બદલ આભાર.

આપનો વિશ્વાસુ,

સભ્ય સચિવ

Member Secretary
The Admission Committee for
Professional Course
L. D. College of Engineering Campus,
Ahmedabad-15

ACPC * LDCEABD *

બીડાણ : ઉપર મુજબ